અપીલ અરજી નં.૨૪૪ તા.૨૬–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ
સામાવાળાઃ(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન
(૨) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝની તા.૭–૧૦–૦૮ ની અરજીથી જાહેર આરોગ્યના હિતાર્થે મહાનગરપાલિકાને હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા પહેલાં તાજેતરમાં કોર્પોરેશને ગેરકાયદે પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલ બાબત તેમજ હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા અંગે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૪/૨૦૦૮–૦૯

## ***ફરીયાદની હકીકતઃ–***

શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝની તા.૭–૧૦–૦૮ ની અરજીથી જાહેર આરોગ્યના હિતાર્થે મહાનગરપાલિકાને હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા પહેલાં તાજેતરમાં કોર્પોરેશને ગેરકાયદે પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલ બાબત તેમજ હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા અંગે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળતા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૮૨૩ તા.૨૮–૧૧–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન/આરોગ્ય/આ.નં.૭૭૫ તા.૨૦–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે જેમાં તેઓ પાસે માહિતી ઉપલબ્ધ ન હોય માહિતી માટે આરોગ્ય વિભાગ (મધ્યસ્થ કચેરી)ને અરજી તા.૧૯–૧૨–૦૮ ના રોજ તબદીલ કરેલ. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને સીધી અરજી તા.૭–૧૦–૦૮ ના રોજ અરજદારે કરેલ હોય જે દિન–૫ માં તબદીલ કરવાની રહે છે તેમ છતાં સદર અરજી બે માસ કરતાં પણ વધુ સમયના વિલંબથી તબદીલ કરવામાં આવેલ છે તે દરમ્યાન અરજદારને માહિતી અંગે ઈન્કાર કે પ્ર ત્યુત્તર પાઠવેલ નથી.

અરજદારની મુળ અરજીમાં જાહેર આરોગ્યના હિતાર્થે મહાનગરપાલિકાને હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા પહેલાં તાજેતરમાં કોર્પોરેશને ગેરકાયદે પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલ બાબત તેમજ હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા અં ગે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા જણાવેલ. જેમાં ચુકાદા બાદ કેટલી સંસ્થાઓના સીલ ખોલવામાં છે? કેટલી સંસ્થાઓએ બારોબાર સીલ ખોલેલ છે? તેના નામ,સરનામા સહિતની વિગત સહિત ચોથા મુદ્દામાં સાઉથઝોન વિસ્તારના આવા સીલ અકબંધ છે કે કેમ? તેઓના તપાસની વિગતો પણ માંગેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેઓ પાસે માહિતી ઉપલબ્ધ ન હોય માહિતી માટે ડે.કમિશ્નર(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગ ને અરજી તા.૧૯–૧૨–૦૮ ના રોજ તબદીલ કરેલ છે પરંતુ કોઈ માહિતી અરજદારને પૂરી પડાયેલ નથી.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૭–૧૦–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૪ ની તેમને સ્પર્શતી માહિતી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પૂરી પડાયેલ ન હોય તેમજ તબદીલ કરેલ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધકારી આરોગ્ય તરફથી પણ તબદીલ પૂરતા મુદ્દાઓ માટે પૂરી પડાયેલ ન હોય નહીં પૂરી પડાયેલ માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તથા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) ને જણાવવામાં આવે છે."

વધુમાં પોતાના કાર્યક્ષેત્રને સ્પર્શતા મુદ્દા અંગે તેમજ તબદીલી અંગે ત્વરીત કાર્યવાહી હાથ ધરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તથા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી ( આરોગ્ય)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ,